ગૃહરક્ષક દળના જવાનોને ચુકવવામાં આવતા
ફરજ ભથ્થાના દર સુધારવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક : હગદ/૧૦૨૦૧૫/૭૧૩/ફ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 03/0૪/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) ગૃહ વિભાગના તા. ૨૬/0૯/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: હગદ/૧૦૨૦૧૨/ મં.-૧/ફ

(૨) ડાયરેક્ટર જનરલશ્રી, સિવીલ ડિફેન્સ અને હોમગાર્ડઝ અમદાવાદના તા.૦૨/0૯/૨૦૧૬ના પત્ર ક્રમાંક: કજ/વહટ/૧૧૭૫/૧૭૭૪/૨૦૧૬.

ઠરાવ:-

હોમગાર્ડઝ દળ રાજ્ય પોલીસના પુરક દળ તરીકે કામગીરી બજાવે છે. હોમગાર્ડઝની રોજબરોજની કામગીરીમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી, ગુના નિવારણ, ટ્રાફીક નિયમન, સરકારી/જાહેર માલ મિલ્કતની સલામતી, કુદરતી આપત્તિઓમાં વહીવટી તંત્રને સહાયની કામગીરી બાબતનો સમાવેશ થાય છે.

હોમગાર્ડઝ જવાનોની પોલીસના પુરક દળ તરીકેની કામગીરીને લક્ષ્યમાં લેતા હોમગાર્ડઝ જવાનોને ચુકવવામાં આવતા દૈનિક ભથ્થાઓમાં વધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. હોમગાર્ડઝ જવાનોની કાર્યક્ષમતામાં વધારો થાય તથા તેઓ વધારે નિષ્ઠા પૂર્વક તેમની ફરજ બજાવે તે હેતુ લક્ષમાં રાખીને, રાજ્ય સરકારે હોમગાર્ડઝ જવાનોને નીચે મુજબ દૈનિક ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય કરેલ છે.

| | પ્રવર્તમાન દર | સુધારેલ દર |
|---|---|---|
| દૈનિક ફરજ ભથ્થું | રૂપિયા ૨૦૦/- (બસો પુરા) | રૂપિયા 300/- (ત્રણસો પુરા) |

૨. આ વિભાગના તા.૨૬/0૯/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: હગદ/૧૦૨૦૧૨/મં.-૧/ફ માં દર્શાવેલ વિગતે અન્ય ભથ્થાઓ યથાવત રહેશે.

3. આ અંગેનો ખર્ચ પ્રવર્તમાન ધારાધોરણ અને નિયમો મુજબ ભારત સરકાર પાસેથી મજરે મેળવવાની જવાબદારી ડાયરેક્ટર જનરલશ્રી, સિવીલ ડિફેન્સ અને હોમગાર્ડઝ અમદાવાદની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક - ૪૬, મુખ્ય સદર -૨૦૭૦-અન્ય વહીવટી સેવાઓ – ૧૦૭(૧) ગૃહ રક્ષક દળ હેઠળ ઉધારવાનો રહેશે અને જે તે નાણાકીય વર્ષ માટે મંજુર થયેલ અનુદાનમાંથી મેળવવાની રહેશે.

૫. આ ઠરાવનો અમલ તા. ૦૧/૦૪/૨૦૧૭ થી કરવાનો રહેશે.

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૨/૦૩/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે.

(વિજય બધેકા)
ઉપસચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- ડાયરેક્ટર જનરલશ્રી, સિવીલ ડિફેન્સ અને હોમગાર્ડઝ, અમદાવાદ.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, અમદાવાદ/ઓડીટ-૨, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર/વડોદરા.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- સર્વે જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટશ્રી.
- સેક્શન અધિકારીશ્રી, આર શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેક્ટ ફાઈલ.